PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/કવા–૦૧/૧૮–૧૯/ 3948/4 તા. 11-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
લવજીભાઈ દુદાભાઈ લીલા વતી ભાવેશભાઈ દુદાભાઈ લીલા,
ગામ: ચરખડી
ઠે. હવેલી શેરી,
તા.ગોંડલ, જી. રાજકોટ
મો: ૯૮૯૮૪૩૦૭૩૦

**વિષય :–ગ્રાહક ના જોડાણ ના ટી.સી. માથી અન્ય ને જોડાણ આપવા અંગે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૦૬/કવા–૦૧/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં.: સીજીઆરએફ : ૦૩/કવા–૦૧/૧૮–૧૯ તથા ૦૬/કવા–૦૧/૧૮–૧૯ કમિટી મીટીંગ:તા. ૦૨–૦૫–૧૮ સ્થળ : રાજકોટ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: લવજીભાઈ દુદાભાઈ લીલા વતી ભાવેશભાઈ દુદાભાઈ લીલા, ગામ: ચરખડી**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ભાવેશભાઈ લવજીભાઈ લીલા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)**

**રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)**

---

## : હુકમ :

**ફરીયાદ : ગ્રાહક ના જોડાણ ના ટી.સી. માથી અન્ય ને જોડાણ આપવા અંગે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની વાંધા અરજી હોવા છતા – પીજીવીસીએલ દ્રારા ખોટી રીતે – તેમના ટી.સી. મા બીજા ગ્રાહક ના છેડા આપી દેવામા આવેલ છે. જે ગેરકાયદેસર કૃત્ય છે. તેઓના કાકા ની તકરાર ના હિસાબે – સ્વતંત્ર ટી.સી. મુકવા બાબત – તેઓને રૂ.૧,૦૩,૭૯૦/–નો આટલો ખર્ચ થશે – નોર્મલ જોડાણ મા ઘણી જગ્યાએ ટ્રાન્સફોર્મર ઉભા કરેલ છે. ઘણી જ જગ્યાએ આવી તકરાર હોય તો કોઈપણ ચાર્જ ભર્યા વગર ટ્રાન્સફોર્મર ઉભુ કરાયેલ છે. પીજીવીસીએલ દ્રારા એક ને ખોળ અને એક ને ગોળ ની નિતી શા માટે રાખવામા આવે છે? જે ગ્રાહક નુ નવુ વીજ જોડાણ મંજુર કરાયેલ છે, તે ગ્રાહક ના સર્વે નંબર મા ટ્રાન્સફોર્મર મુકી આપવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, મનસુખભાઈ દુદાભાઈ લીલા એ ચોરડી ગામ ના સર્વે નંબર: ૧૬૭/ ૨ પૈકી ૫ / પૈકી ૧ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૧–૦૨–૧૩ ના રોજ અરજી નોધાવેલ, ત્યારબાદ અરજદાર દ્રારા તે જ સર્વે નંબર મા કુવા માથી બોર મા શીફટીંગ તથા ૦૫ હોપા થી ૭.૫ હોપા નો વીજભાર વધારો કરવા તા.૩૦–૧૧–૧૭ ના રોજ અરજી કરેલ.<br>• (૨) સદર અરજી ના અનુસંધાને – સ્થળ સર્વે કરતા – હૈયાત સ્થળ પર શ્રી લવજીભાઈ દુદાભાઈ લીલા નુ ખેતીવાડી વીજજોડાણ ૧૭.૫ હોપા નુ ગ્રાહક નંબર: ૮૭૭૧૬/૦૦૭૬૮/૮ ના ૨૫ કેવીએના ટ્રાન્સફોર્મર માથી ફકત ૩૦ મીટર ના અંતરે હોય – એ – કેટેગરી મા સદર અરજદાર નુ સર્વે કરાયેલ, તે મુજબ અરજદાર ને તા.૦૭–૧૨–૧૭ ના રોજ નિયત ભાવપત્રક પાઠવવામા આવેલ. જે અરજદાર દ્રારા તા.૧૫–૧૨–૧૭ ના રોજ ભરપાઈ થતા વીજલાઈન કામ કરવા અંગે સ્થળ પર ગયેલ – જયારે લવજીભાઈ દુદાભાઈ લીલા વતી તેમના પુત્ર ભાવેશભાઈ દુદાભાઈ લીલા એ – તેઓના હૈયાત વીજ જોડાણ ના ટ્રાન્સફોર્મર માથી – સદર અરજદાર ને નવુ ખેતીવાડી વીજજોડાણ ન આપવુ અને નવુ ટ્રાન્સફોર્મર આપવા રજુઆત કરેલ. જે અનુસંધાને – ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૧, ગોંડલ દ્રારા પત્ર તા.૨૬–૦૩–૧૮ થી અરજદાર ને જણાવેલ કે – મનસુખભાઈ દુદાભાઈ લીલા ને નવા ખેતીવાડી વીજજોડાણ આપવાની કાર્યવાહી નિયમાધીન કરેલ હોય – અરજદાર દ્રારા વાંધો લીધેલ હોય – જે ગ્રાહય રાખી શકાય નહી.<br>• (૩) આમ, પીજીવીસીએલ કક્ષાએથી નવુ વીજ જોડાણ આપવાની કાર્યવાહી તાંત્રીક મંજુરીના આધારે કરેલ હોય – નવુ ટ્રાન્સફોર્મર ઉભા કરવાની અરજી ગ્રાહય રાખી શકાય નહી. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ કાયમી ધોરણે રદબાતલ થયેલ – પુનઃ જોડાણ, શીફટીંગ બદલાયેલ પરીસ્થિતી અન્વયે નવીન ખેતીવાડી વીજજોડાણ ને લગતા જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક/એજીકને/૨૧૮૯, તા.૨૪–૧૦–૧૩ મા કરાયેલ જોગવાઈ મુજબ – અનુક્રમ –(૩) ના પેટા મુદ્દા નં.(૩) મુજબ ની વિગતે – ટ્રાન્સફોર્મર ઉપર ૧૦૦% લોડીગ ગણવુ.<br>• (૨) ઉપરોક્ત મુદ્દા નં. (૧) મુજબ ની વિગતે અને પીજીવીસીએલ કક્ષાએથી મનસુખભાઈ દુદાભાઈ લીલા ની ૭.૫ હોપા માટે ના નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને – ઉપરોક્ત મુદ્દા નં. ૨.૧ ના પેટા મુદ્દા નં. (૨) મુજબ ની વિગતે કરેલ તાંત્રીક મુજબ ની કાર્યવાહી યોગ્ય છે. આમ, અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી.સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવા બાબતે નો, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ ના પેટા મુદ્દા નં. (૨) મુજબ ની વિગતે – અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ગ્રાહય રાખવામા આવતી નથી.સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.